પંચાયત સેવા, વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતીથી નિમણૂંક કરી ભરવાની થતી જગ્યાઓમાં શારીરીક ખોડખાંપણ ધરાવતી વ્યકિતઓ માટે જગ્યાઓ અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અપગ-૧૦૨૦૧૩-૧૮૯૦-ખ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૬-૧-૨૦૧૪

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૧-૧૧-૧૩નો પત્ર ક્રમાકઃ અપગ-૧૦૨૦૧૩-૬૫૧૨૦૩-રો.૧

ઠ રા વ:-

વંચાણે લીધેલ ક્રમ-(૧)ના પત્રથી વિકલાંગ વ્યકિતઓ માટે સરકારી નોકરીઓમાં અનામત રાખી શકાય તેવી જગ્યાઓ અને તેવી જગ્યાઓ ઉપર કેવા પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂંક થઇ શકે તે અંગે વિચારણા કરવા તા.૨૨-૧૦-૧૩ના રોજ મળેલ પેટાતજજ્ઞ સમિતિની બેઠકમાં નકકી થયા મુજબ પંચાયત સેવા, વર્ગ-૩ સંવર્ગની નીચેની જગ્યાઓમાં સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ માટે જે તે જગ્યા સામે દર્શાવેલ અનામત કક્ષાના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) જુનીયર કલાર્ક(વહીવટ/હિસાબ), વર્ગ-૩

| ક્રમ | વિકલાંગતાની કેટેગરી | અનામત જગ્યાની ટકાવારી | વિકલાંગતાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | ૧ ટકો | LV = low vision મોડરેટ |
| ૨ | શ્રવણની ખામી | ૧ ટકો | HH Hearing handicapped મોડરેટ |
| 3 | હલનચલનની વિકલાંગતા અથવા મગજનો લકવો | ૧ ટકો | OA(OA= one arm affected (R or L),<br>a. Inpaired reach<br>b. Weakness of grip<br>c. Ataxic.<br>OL= one leg affected(R or L),<br>Inpaired reach<br>a. Weakness of grip<br>b. Ataxic.<br>BL (BL = bothl legs but not arms)<br>OAL OAL= one arm and one leg affected |
| મોડરેટ એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા | | | |



Scanned by CamScanner

(૨) નાયબ ચીટનીસ, વર્ગ-૩

| ક્રમ | વિકલાંગતાની કેટેગરી | અનામત જગ્યાની ટકાવારી | વિકલાંગતાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | ૧ ટકો | LV = low vision મોડરેટ |
| ૨ | શ્રવણની ખામી | ૧ ટકો | HH Hearing handicapped મોડરેટ |
| ૩ | હલનચલનની વિકલાંગતા અથવા મગજનો લકવો | ૧ ટકો | OA<br>(OA= one arm affected(R or L),<br>a. Inpaired reach<br>b. Weakness of grip<br>c. Ataxic.,<br>OL= one leg affected(R or L),<br>a. Inpaired reach<br>b. Weakness of grip<br>c. Ataxic.<br>OAL OAL= one arm and one leg affected |
| મોડરેટ એટલે કે ૪૦ ટકાથી કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા | | | |

૨. આ જગ્યાઓમાં ઉપરોકત કેટેગરીની વિકલાંગ વ્યકિતઓ એક ભરતી પ્રસંગે ઉપલબ્ધ ન થાય તો તેવી અનામત જગ્યાઓ સરકારશ્રીના પ્રવર્તમાન હુકમો મુજબ જે તે ભરતી પ્રસંગ પછી ત્યાર પછીના ત્રણ ભરતી પ્રસંગ પછી આગળ ખેચીને ભરવાની રહેશે. ત્યારબાદ તે અનામત જગ્યાઓ રદ થયેલી ગણાશે.

૩. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તા. ૬-૧-૨૦૧૪ના રોજની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)

( આઇ.એમ.શેખ )

સંયુકત સચિવ,

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજયકક્ષા મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીઓ/રાજયકક્ષા મંત્રીશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદ
- જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ(રાજયની સર્વે),સંબધિત જિલ્લાવિકાસ અધિકારીશ્રી મારફત
- નાયબ નિયામકશ્રી, ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ તાલીમ ભવન, શશીકુંજ, જુનાગઢ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ ( તાબાની તમામ તાલુકા પંચાયત કચેરીઓને નકલ મોકલી આપવાની વિનંતી સાથે.)
- વિભાગની સર્વે શાખાઓ
- શાખા/ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.



Scanned by CamScanner